# સ્વનિર્ભર સંસ્થાઓની ફી અંગેની ખાસ સૂચના:

૧. રાજ્યમાં સ્વનિર્ભર ધોરણે વ્યાવસાયિક ટેકનીકલ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં પ્રવેશ વર્ષ ૨૦૧૪-૧૫ થી ૨૦૧૬-૧૭નાં ત્રિવાર્ષિક ગાળા માટે ફી નિર્ધારણ કરવાની કાર્યવાહી ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ છે. સદર ફીમાં જે-તે સંસ્થાની જે-તે વર્ષમાં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓએ ભરવાપાત્ર થતી ફીમાં શિક્ષણ ફી, લાયબ્રેરી ફી, કોમ્પ્યુટર ફી, કોશન મની / ડીપોઝીટ, લેબોરેટરી ફી, યુનિવર્સિટી એફીલીયેશન ફી, જીમખાના ફી, ઈન્ટરનેટ ફી, સ્પોર્ટ્સ એન્ડ રીક્રીએશન ફી, સેલ્ફ/પર્સનાલિટી સેન્ટર ફી વિગેરે ફી નો સમાવેશ થઈ ગયેલ છે.

૨. ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી ઉપરાંત સંસ્થાઓ સંલગ્ન યુનિવર્સિટીની એનરોલમેન્ટ ફી, યુનિવર્સિટી દ્વારા જ લેવાતી પરીક્ષાઓની યુનિવર્સિટીએ નક્કી કરેલી ફી અલગથી વસૂલ કરી શકશે.

૩. કોઈપણ સંસ્થા સેશનલ પરીક્ષા, મેન્યુઅલ/જર્નલ ફી, રજીસ્ટ્રેશન ફી, ઓરીએન્ટેશન ફી, જી.કે.એસ. ફી, ઈન્સ્યોરન્સ ફી, સ્ટુડન્ટ વેલ્ફેર ફી, ઈન્ડસ્ટ્રીયલ ઈન્ટરફેસ ફી, આઈ.એસ.ટી.ઈ. મેમ્બરશીપ ફી, કલ્ચર ફી જેવા અન્ય કોઈપણ મથાળા હેઠળ કોઈપણ ફી વસુલ કરી શકશે નહી. તદ્ઉપરાંત સંસ્થા કે ટ્રસ્ટનાં નામે વધારાની કોઈપણ ફી અથવા ડિપોઝીટ લઈ શકશે નહીં.

૪. ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરાયેલી ફીમાં જે-તે સંસ્થા દ્વારા અપાતી સુવિધાઓ જેવી કે ટ્રાન્સપોર્ટ, હોસ્ટેલ, પ્લેસમેન્ટનો સમાવેશ કરાયેલ નથી.

તા. ૮-૬-૨૦૧૫

— મેમ્બર સેક્રેટરી